**Title**: IITGN teams visits Army camps in Rann

**Source**: ***Gandginagar Bhaskar*** page no-5

**Date**: 16/02/2017

# કચ્છ બોર્ડર પર પહોંચીને IIT સ્ટુડન્ટ્સે આર્મીની સમસ્યા જાણી

## બોર્ડર પર કોમ્યુનિકેશન અને એન્વાયર્નમેન્ટ આર્મીની મુખ્ય સમસ્યા

સિટી રિપોર્ટર @ahm_cb

સરહદ પર સુરક્ષા માટે 365 દિવસ ખડેપગે રહેનાર ઈન્ડિયન આર્મીના જવાનોની સમસ્યાઓ જાણવા માટે ભારત સરકાર દ્વારા મેક પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. જે અંતગર્ત ભારતની વિવિધ યુનિવર્સિટી અને ઈન્સ્ટિટ્યુટના સ્ટુડન્ટ્સને બોર્ડર પર મોકલીને આર્મીની તકલીફો જાણવા અને તેના ટેક્નોલોજીની મદદથી ક્રિએટિવ સોલ્યુશન લાવવાની સ્ટુડન્ટ્સને તક અપાય છે. મેક પ્રોજેક્ટ અંતગર્ત આઈઆઈટી ગાંધીનગરની સ્ટુડન્ટ્સની ટીમે 'રણ ઑફ કચ્છ' બોર્ડર પર ગયા હતા. જ્યાં બીએસએફ અને આર્મીના જવાનોને પડતી મુશ્કેલીઓ જાણી હતી. સ્ટુડન્ટ્સે જાણ્યું કે કચ્છમાં સૌથી વધારે પ્રતિકુળ વાતાવરણનો પ્રોબ્લેમ આર્મીના જવાનોને ફેસ કરવો પડે છે. રણની ધૂળના કારણે તેમને પથરી જેવી બીમારીઓ પણ થાય



કચ્છ બોર્ડર પર ધૂળ અને ધોમ ધખતાં તાપ વચ્ચે સરહદની રખેવાળી કરતાં આર્મીના જવાનો સાથે આઈઆઈટી ગાંધીનગર સ્ટુડન્ટ્સ.

છે. વળી કોમ્યુનિકેશન માટેની ઓલ્ડ ટેક્નોલોજીના કારણે પણ ઘણી તકલીફો પડે છે. આર્મી ઈક્વિપમેન્ટને લાવવા અને સલામત અને ગુપ્ત સ્થળે રાખવાનો પણ ઈસ્યુ ત્યાં જોવા મળે છે. સ્ટુડન્ટ્નસની ટીમને કચ્છમાં લીડ કરનાર આઈઆઈટી પ્રોફેસર શિવકુમારે કહ્યું કે, 'આર્મીને કચ્છમાં કોમ્યુનિકેશન હેલ્થ અને અન્ય ઘણા પ્રકારના પ્રોબ્લેમનો સામનો કરવો પડે છે. અમે ફાઈંડિંગ કરેલા પ્રોબ્લેમનું સ્ટુડન્ટ્સ હવે ટેક્નોલોજી અને નોલેજ દ્વારા ક્રિએટિવ સોલ્યુશન લાવીને ભારત સરકારને આપશે.'

આ પહેલાં આઈઆઈટી સ્ટુડન્ટ્સે ઈન્ડો-ચાઈના બોર્ડર પર જઈને આર્મીના જવાનોની લાઈફ સ્ટાઈલ જાણી હતી